# સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેનો તાલિમ વર્ગ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલિમ તા: ૨૭/૦૮/૨૦૧૮ થી ૩૦/૦૮/૨૦૧૮ દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં અમરેલી જીલ્લાના કુલ ૨૬ ખેડૂત ભાઇઓ અને બહેનોએ ભાગ લીધેલ. આ તાલિમ કાર્યક્રમમાં વિવિધ પાકોમાં નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન વિષય પર જુદા-જુદા નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આપેલ. આ તાલિમ કાર્યક્રમમાં વિવિધ પાકોમાં નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે લંબાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ. વાતાવરણિય ફેરફાર દ્વારા વિવિધ પાકમાં આવતી જીવાતોનું સમયસર સંકલિત વ્યવસ્થાપન અપનાવી જંતુનાશકોના આડેધડ છંટકાવને ઘટાડવા જોઇએ તેમજ વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી શકાય છે. તેમજ રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે તાલિમ પણ આપવામાં આવેલ. સદર તાલિમ કાર્યક્રમમાં કીટકશાસ્ત્ર વિભાગના ડૉ. પી. કે. બોરડ, ડૉ. ડી. બી. સિસોદીયા, ડૉ. આર. કે. ઠુમર, ડૉ. સી. બી. ધોબી, પ્રો. એમ. ડી. સુથાર અને કુ. મિનાક્ષી લુણાગરીયાએ ઉપરોકત વિષય ઉપર પોતાના વ્યાખ્યાન રજુ કર્યા હતા અને ખેડુતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું.

આ ઉપરાંત ખેડૂત ભાઇઓ તથા બહેનોએ ઘાસચારા સંશોધન કેન્દ્ર, પશુ સંશોધન કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર અને ઔષધિય અને સુગન્ધિત પાક સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ તાલિમ કાર્યક્રમમાં ખેડૂત ભાઇઓ તથા બહેનોને પ્રાયોગિક તાલિમ પણ આપવામાં આવી હતી.

આ તાલિમ કાર્યક્રમનાં અંતિમ દિવસે ડૉ. પી. કે. બોરડ. પ્રાધ્યાપક અને વડાએ તાલિમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે આશીર્વચન પાઠવેલ તથા તેઓશ્રીના હસ્તે પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ.


સંકલિત જીવાત
તાલીમ કાર્યક્રમ
AAU
કીટકશાસ્ત્ર વિભાગ
બં. અ. કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ






સંકલિત જીવાત
તાલીમ કાર્યક્રમ
AAU